©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] THURSDAY, OCTOBER 2, 2025 / ASVINA 10, 1947 [No. 40

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-B

Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ક્રમાંક: જીએચકેએચ-૧૩૦-૨૦૨૫-નસબ-૧૧-૨૦૧૧-૧૩૦૩-ચ(પા.ફા-૧)(e-file: ACD/APM/e-file/2/2023/4027/CH:- ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ મળેલ સત્તા અન્વયે રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૨૯/૦૯/૨૦૦૪ના હુકમ ક્રમાંક: નસબ/ફડચ/ઝ-૪/૩૦૬૦/૦૪થી ધી સુણાવ નાગરિક સહકારી બેંક લી., સુણાવ, આણંદને ફડચામાં લઈ જવામાં આવેલ. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની જોગવાઈ મુજબ ફડચાના હુકમથી ત્રણ વર્ષમાં ફડચાની કાર્યવાહી આટોપી લેવાની રહે છે. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧) હેઠળ મળેલ સત્તા અન્વયે સદરહુ સંસ્થાની ફડચાની મુદત રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના વખતોવખતના હુકમોથી તા.૨૮/૦૯/૨૦૧૧ સુધી વધારવામાં આવેલ હતી. પરંતુ સદરહુ મુદત વધારા દરમ્યાન ફડચાની કાર્યવાહી આટોપી શકાયેલ ન હતી. ત્યારબાદ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૬૧ હેઠળ મળેલ સત્તા અન્વયે રાજ્ય સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના વખતોવખતના જાહેરનામાથી તા.૨૮/૦૯/૨૦૨૪ સુધી કલમ ૧૬૧ હેઠળ મુક્તિ આપવામાં આવેલ છે. છેલ્લે વિભાગના તા.૨૦/૦૮/૨૦૨૪ના જાહેરનામાથી તા.૨૮/૦૯/૨૦૨૫ સુધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૧૧૪(૧) હેઠળ મુદત વધારો આપેલ છે. પરંતુ સદરહુ સમયગાળા દરમ્યાન ફડચાની કાર્યવાહી આટોપી શકાયેલ નથી.

ધી સુણાવ નાગરિક સહકારી બેંક લી., સુણાવ, આણંદને ફડચાની કામગીરી આટીપવા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની જોગવાઈ હેઠળ તા.૨૯/૦૯/૨૦૨૫ થી તા.૨૮/૦૯/૨૦૨૭ સુધી મુદત લંબાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કુલદીપસિંહ મકવાણા,

સરકારના ઉપસચિવ(ધિરાણ).

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૮મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ક્રમાંક: GHKH/144/2025/ACD/AMR/e-file/2/2023/2362/KH:- ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૬૧ થી પ્રાપ્ત થયેલ સત્તાધિકારની રૂએ શ્રી આદસંગ સેવા સહકારી મંડળી લી. (ફડચામાં), મુ.આદસંગ, તા.સાવરકુંડલા, જિ.અમરેલીને આ અધિનિયમની કલમ-૧૧૪(૧) ની જોગવાઈમાંથી તા.૧૭/૦૧/૨૦૨૪ થી તા.૧૦/૦૬/૨૦૨૪ના સુધી તથા આ અધિનિયમની કલમ-૧૧૪(૧) ની જોગવાઈમાંથી તા.૧૧/૦૬/૨૦૨૪ થી તા. ૧૬/૦૧/૨૦૨૬ના સુધી મુક્તિ આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. બી. જાદવ,

સરકારના ઉપસચિવ(સહકાર).

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ક્રમાંક: જીએચકેએચ-૧૫૨-૨૦૨૫-નસબ-૧૧-૨૦૧૨-૧૧૬૫-ચ(e-file: ACD/APM/e-file/2/2023/3858/CH:- ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ મળેલ સત્તા અન્વયે રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૦૪/૦૮/૨૦૦૫ના હુકમ ક્રમાંક: નસબ/ફડચ/ઝ-૧૦/૨૮૯૩/૨૦૦૫થી ધી નવસારી પીપલ્સ કો. ઓપ. બેંક લી., નવસારીને ફડચામાં લઈ જવામાં આવેલ. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૪(૧) હેઠળ મળેલ સત્તા અન્વયે સદરહુ સંસ્થાની ફડચાની મુદત રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના વખતોવખતના હુકમથી તા.૦૩/૦૮/૨૦૧૨ સુધી વધારવામાં આવેલ હતી, પરંતુ સદરહુ મુદત વધારા દરમ્યાન ફડચાની કાર્યવાહી આટોપી શકાયેલ ન હતી. ત્યારબાદ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૬૧ હેઠળ મળેલ સત્તા અન્વયે રાજ્ય સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના વખતોવખતના જાહેરનામાથી તા.૦૩/૦૮/૨૦૨૪ સુધી મુક્તિ આપવામાં આવેલ હતી. છેલ્લે વિભાગના તા.૨૦/૧૧/૨૦૨૪ના જાહેરનામાથી તા.૦૩/૦૮/૨૦૨૫ સુધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની જોગવાઈ હેઠળ મુદતવધારો આપવામાં આવેલ પરંતુ સદરહુ સમયગાળા દરમ્યાન ફડચાની કાર્યવાહી આટોપી શકાયેલ નથી.

ધી નવસારી પીપલ્સ કો. ઓપ. બેંક લી. નવસારીને ફડચાની કાર્યવાહી આટોપવા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની જોગવાઈ હેઠળ તા.૦૪/૦૮/૨૦૨૫ થી તા.૦૩/૦૮/૨૦૨૭ સુધી મુદત લંબાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કુલદીપસિંહ મકવાણા,

સરકારના ઉપસચિવ(ધિરાણ).

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2025.10.07 15:01:16 IST